વિદ્યાર્થીઓને લ.સા.અ અને ગુ.સા.અ. સમજવામાં પડતી મુશ્કેલી મહદ અંશે દૂર થવા પામી છે.

❖ **પરિણામ, તારણો :**

- વિદ્યાર્થીઓ ઘડિયા યાદ રાખતા થયા.
- હોશિયાર વિદ્યાર્થી પાસેથી નબળા વિદ્યાર્થી ઝડપથી શીખે છે.
- જૂથ કાર્ય કરવું જોઇએ.
- વિદ્યાર્થીઓને લ.સા.અ અને ગુ.સા.અ. વધુ સારી રીતે આવડી ગયાં.
- વધુ માં વધુ પ્રકિટસને કારણે વિદ્યાર્થીઓની ભૂલો ઓછી થઇ.સાચા દાખલા ગણતા થયા.
- વિદ્યાર્થીઓ દાખલા ગોખવાને બદલે સમજીને ગણતા થયા.

❖ **ભાવિ સંશોધન માટેના સુચનો :**

- ગણિત વિષયને નવી પદ્ધતિઓથી ભણાવવામાં આવે તો વધુ અસરકારક સાબિત થાય છે.
- શિક્ષક દરેક ટોપિક ને ચાર્ટ મોડલ એનિમેશન વિડિયો દ્વારા ભણાવવામાં આવે તો વિદ્યાર્થીઓની સમજ શકિત વધે અને પરિણામમાં સુધારો લાવી શકાય.

---



# વિષય : ધો. ૫ ના ૫૦ ટકાથી ઓછા ગુણ લાવતા વિદ્યાર્થીઓની ટેવોનો અભ્યાસ

**અટોદરીયા શ્વેતા એચ.**
(મ.શિક્ષક, પ્રાથમિક વિભાગ)

❖ **પ્રસ્તાવના :**

આપની સમક્ષ ઘણી બધી સમસ્યા આવે છે.તે કઇ રીતે ઉદભવી ? અને તે જાણવુ અને શોધવુ ખૂબ જ જરૂરી છે. આજના યુગમાં મોબાઇલનો ઉપયોગ વધ્યો તેમજ અન્ય કારણો ને લીધે વાંચન,લેખન અને ગણન પર અસર થતા બાળકોમાં અભ્યાસમાં રૂચિ ઓછી થઇ તેના કારણે તેઓમાં ટકાવારી નું પ્રમાણ ઓછુ જણાયુ તેથી આ સંશોધન કરવામાં આવ્યું.

❖ **શબ્દોનું અર્થઘટન :** વર્ગમાં અલગ અલગ મગજ શકિત ધરાવતા વિદ્યાર્થીઓ હોય છે.કેટલાક ૧૦૦% લાવે,કેટલાક ૮૦ % તો કેટલાક ૫૦% થી ઓછા ટકા લાવે છે.તો તેઓનું કારણ જાણી ૫૦ % થી ઓછા ગુણ લાવનાર વિદ્યાર્થીઓનુ કારણ જાણી વિદ્યાર્થીઓના અભ્યાસમાં થોડી તકેદારી રાખી તેમના ટકામા વધારો થાય જેથી તેમનો આત્મવિશ્વાસ વધુ દ્રઢ બને અને અભ્યાસમાં લેખન, વાંચન ,ગણનમાં વધુ ધ્યાન અને કાળજી રાખે તેમના પરિણામમાં સુધારો કરી શકાય.

❖ **વિષયની પસંદગી શા માટે કરી ? :** “કાચાને પાકા કરો પાકાને પારંગત” કરવા માટે અમારી શાળામા મા.શ્રી.ડાૅ.બી.આઇ પ્રજાપતિ સરે આપેલ સુત્ર ના આધારે મારા વિષય ની પસંદગી કરી.તેમનો આશય વિદ્યાર્થીઓને પારંગત કરવાનો છે.

વિદ્યાર્થીઓની ટેવોનો અભ્યાસ કરતા કેટલીક સુધારવા જેવી ટેવો જણાય માટે આ વિષયની પસંદગી કરવામાં આવી.

❖ **સંશોધન માટેનાં નમૂના :**

★ અગાઉનાં પરિણામની ચકાસણી કરી.

★ વિષયની કચાસ, વિષયનો અણગમો, સમય-પત્રક ન બનાવ્યું હોય. અભ્યાસમાં પડતી મુઝવણો જાણી તે સુધારવા માટેના પ્રયત્નો મૌખિક રીતે પૂછયા.

❖ **સંશોધનની પદ્ધતિ :**

★ પ્રશ્નાવલી દ્વારા વિદ્યાર્થીઓનુ અવલોકન, અભ્યાસની ને લખવાની ટેવોનું મુલ્યાંકન, અભ્યાસ માટે વિદ્યાર્થીએ બનાવેલુ સમયપ્રત્રક, વિદ્યાર્થી સાથે જૂથ ચર્ચા, પ્રયોગ પદ્ધતિ-અલગ –અલગ રીતે ભણાવવું. વ્યકિતગત ચર્ચા

❖ **સંશોધનની પ્રક્રિયા કઇ રીતે કરી ?** વિદ્યાર્થીઓને ભણાવતી વખતે કેટલાક પ્રશ્નો પૂછયા ત્યારે તેઓની કચાશ જાણવા મળી, તેને અનુરૂપ પ્રશ્નાવલિ બનાવી. વિદ્યાર્થીઓ પાસે પ્રશ્નાવલી ભરાવી. અગાઉના રિઝલ્ટ ચેક કરી તેનો અભ્યાસ કર્યો.

❖ **માહિતીનું એકત્રીકરણ :** વિદ્યાર્થીઓ સાથે વિષય વસ્તુની ચર્ચા કરી., વિદ્યાર્થીએ વર્ગમા અભ્યાસમા ધ્યાન આપે છે કે નહિ તેની ચકાસણી કરી, ઓછા ગુણ લાવતા વિદ્યાર્થીની ટેવોનો અભ્યાસ કર્યો. શાળામાં ૫૦% થી ઓછા ગુણ લાવતા વિદ્યાર્થીઓના અગાઉના પરિણામની નોંધ, વિષયવસ્તુને લગતી પ્રશ્નાવલિ બનાવી, સ્ટાફમિત્રો પાસેથી વિદ્યાર્થીઓની ટેવો વિશે જાણ્યુ.

❖ **માહિતીનુ પૃથકકરણ :** શાળામા ૫૦ %થી ઓછા ગુણ લાવતા વિદ્યાર્થીઓની પરિસ્થિતિની સમજ મેળવી., ધોરણ -૫ ના ૧૨ જેટલા વિદ્યાર્થીઓ લીધા તેમની વય ૧૦ -૧૧ વર્ષની છે.